એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા. ૨૫/૦૭/૨૦૧૬

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

<u>બેઠક ક્રમાંક-(૧) ૭/૨૦૧૬-૧૭</u>

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

તા. ૨૫/૦૭/૨૦૧૬ સમયઃ બપોરે ૧૨:૦૦ કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

<u>(મિનિટ્સ)</u>

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ**

**તા. ૨૫/૦૭/૨૦૧૬**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ની પ્રથમ બેઠક મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૨૫/૦૭/૨૦૧૬ને સોમવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે બપોરે ૧૨:૦૦ કલાકે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતિ નીચે મુજબ હતી.:

| | | |
|---|---|---|
| ૧. | મા. કુલપતિશ્રી ડૉ. કે. એસ. લીખીયા | અધ્યક્ષશ્રી |
| ૨. | *મહાનિયામકશ્રી દિવ્યાંશુભાઈ દવે* | *સભ્યશ્રી* |
| ૩. | મા. ડૉ. સુજલ એ.મુન્શી | સભ્યશ્રી |
| ૪. | નાણા અને હિસાબી અધિકારી ડૉ. અશોકભાઈ પ્રજાપતિ | સભ્યશ્રી |
| ૫. | રજિસ્ટ્રારશ્રી કમલામની રાવ | સભ્ય સચિવશ્રી |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શકયા ન હતા.

| | | |
|---|---|---|
| ૧. | સંયુક્ત સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ) | સભ્યશ્રી |
| ૨. | સરકારશ્રીના સચિવશ્રી નાણાવિભાગ | સભ્યશ્રી |
| ૩. | સંયુક્ત નિયામકશ્રી (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી) | સભ્યશ્રી |
| ૪. | મા. ડૉ. ધનશ્યામભાઇ ડી. રાવલ | સભ્યશ્રી |
| ૫. | મા. શ્રી નીપાબહેન મહેતા | સભ્યશ્રી |
| ૬. | મા. ડૉ. મહેન્દ્રભાઇ પી. ચોટલિયા | સભ્યશ્રી |

પ્રારંભમાં ઉપસ્થિત સૌ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ એજન્ડા મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

- **આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.**

Kamalamani Rao

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા. ૨૫/૦૭/૨૦૧૬

# એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

બાબત ક્રમાંક:- ૧. એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા. ૦૨/૦૨/૨૦૧૬ની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.

(પુ. ૧ થી ૪ બિડાણ: ૧)

ઠરાવ ક્રમાંક :- ૧. આથી ઠરાવવામાં આવે છે કે તા. ૦૨/૦૨/૨૦૧૬ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ પુ. ૧ થી ૪ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે. અને ત્યારબાદ કુલપતિશ્રીએ સહી કરી હતી.

બાબત ક્રમાંક:-૨ નાણાસમિતિની તા. ૧૭/૦૬/૨૦૧૬ના રોજ મળેલી બેઠકથી એક્ઝિક્યુટીવ કાઉન્સિલને સાદર કરેલી ભલામણોની મંજૂરી બાબત.

( પુ. ૧ થી ૫ બિડાણ: ૨)

ઠરાવ ક્રમાંક:-૨. આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૭/૦૬/૨૦૧૬ના રોજ મળેલ નાણાસમિતિની કાર્યવાહી નોંધ પુ. ૧ થી ૫ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક: 3 અટલ બિહારી બાજપાઈ હિન્દી વિશ્વવિદ્યાલય સાથે કરેલ MOUની અવધિ લંબાવવા બાબત.

( પુ. ૧ થી ૫ બિડાણ: 3 )

ઠરાવ ક્રમાંક- 3 અટલ બિહારી બાજપાઈ હિન્દી વિશ્વવિદ્યાલય સાથે કરેલ MOUની અવધિ બંને યુનિવર્સિટીની સંમતિ અનુસાર લંબાવવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક: ૪ શિશુ પરામર્શન કેન્દ્ર શરૂ કરવા બાબત

( પુ. ૧ થી 3 બિડાણ: ૪)

ઠરાવ ક્રમાંક- ૪ શિશુ પરામર્શન કેન્દ્ર શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

Ramalaxmi Rao

બાબત ક્રમાંક: ૫ M.PHIL, Ph.D અભ્યાસક્રમોના ઓર્ડિનન્સ મંજૂર કરવા બાબત
(M.PHIL ઓર્ડિનન્સ પુ. ૧ થી ૬ અને Ph.D ઓર્ડિનન્સ પુ. ૧ થી ૧૨ બિડાણ: ૫)

ઠરાવ ક્રમાંક – ૫ M.PHIL, PHD અભ્યાસક્રમોના ઓર્ડિનન્સ મંજૂર કરવામાં આવે છે.

બાબત ક્રમાંક: ૬ M.PHIL, PHDના માર્ગદર્શકોની માન્યતા આપવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૬ M.PHIL, PHDના માર્ગદર્શકોની માન્યતા માટે એક્સપર્ટ કમિટિની ભલામણોને ધ્યાનમાં લઈ M.Phil – મનોવિજ્ઞાન અને M.Phil, Ph.D.–શિક્ષણશાસ્ત્ર વિષયોમાં માર્ગદર્શક તરીકે નીચે મુજબના આસિ.પ્રોફેસરોને સર્વાનુમતે નીચે મુજબની વિગતે સરવાનુમતે માન્યતા આપવામાં આવે છે.

| No. | Name | Degree | Subject |
|---|---|---|---|
| 1. | Dr. Ashok N. Prajapati<br>Assistant Professor<br>Center of Research | M.Phil. | Psychology |
| 2. | Dr.Minalba B. Jadeja<br>Assistant Professor<br>Center of Education | M.Phil. & Ph.D. | Education |
| 3. | Dr.Nilesh S. Pandya<br>Assistant Professor<br>Center of Training | M.Phil. & Ph.D. | Education |
| 4. | Dr.Rupam B. Upadhyaya<br>Assistant Professor<br>Center of Extension | M.Phil. & Ph.D. | Education |
| 5. | Dr.Jignesh B.Patel<br>Assistant Professor<br>Center of Education | M.Phil. & Ph.D. | Education |

બાબત ક્રમાંક: ૭ યુનિવર્સિટીમાં M.PHIL (મનોવિજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર) અને PHD (શિક્ષણશાસ્ત્ર)ના અભ્યાસક્રમો વર્ષ ૨૦૧૬-૧૭થી શરૂ કરવા બાબત.

Pamalamani Rao

<u>ઠરાવ ક્રમાંક – ૭</u> યુનિવર્સિટીમાં M.PHIL (મનોવિજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર) અને PHD (શિક્ષણશાસ્ત્ર)ના અભ્યાસક્રમો વર્ષ ૨૦૧૬-૧૭થી શરૂ કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવે છે અને તેની લગતી આનુષાંગિક કામગીરીની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

<u>બાબત ક્રમાંક: ૮</u> બાળ વિશ્વવિદ્યાલયમાં ગુજરાત સરકાર દ્વારા મંજુર થયેલ મહેકમ ઉપર ભરતી કરવા બાબત

( પુ. ૧ થી ૨ બિડાણ: ૬)

<u>ઠરાવ ક્રમાંક- ૮</u> બાળ વિશ્વવિદ્યાલયમાં ગુજરાત સરકાર દ્વારા મંજુર થયેલ મહેકમ ઉપર ભરતી કરવા અંગેની દરખાસ્ત મંજૂર કરવામાં આવે છે અને આ માટેની આનુષાંગિક કામગીરીની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

<u>બાબતક્રમાંક: ૯</u> બાળ વિશ્વવિદ્યાલયને 80 (G) અંતર્ગત મળેલ દાન રૂ. ૩,૦૬,૫૦૦/-ની રકમ સ્વીકારવા બાબત

( પુ. ૧ બિડાણ: ૭)

<u>ઠરાવ ક્રમાંક- ૯</u> બાળ વિશ્વવિદ્યાલયને 80 (G) અંતર્ગત મળેલ દાન રૂ. ૩,૦૬,૫૦૦/-ની રકમ સાભાર સ્વીકારવામાં આવી.

<u>બાબત ક્રમાંક: ૧૦</u> મા. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે

**અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત**

(૧) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે સરકાર પાસેથી જમીન મેળવવી તથા પ્રાપ્ત જમીનમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગો માટેના ભવનો બનાવવા અંગેની જરૂરી આનુષંગિક કામગીરી બાબત

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે સરકાર પાસેથી જમીન મેળવવા તથા પ્રાપ્ત જમીનમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગો માટેના ભવનો બનાવવા માટે જરૂરી આનુષંગિક કામગીરી કરવા માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

Ramalaxmi Rao

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા. ૨૫/૦૭/૨૦૧૬

(૨) નાણા અને હિસાબી અધિકારીનો ચાર્જ આપવા બાબત

યુનિવર્સિટીમાં નાણાં અને હિસાબી અધિકારી તરીકે શિક્ષણ વિભાગમાંથી ડેપ્યુટેશન પર સેવા આપતા ડૉ. એમ. જી. વ્યાસ, તેઓશ્રી ડેપ્યુટેશન પૂર્ણ કરી પોતાના વિભાગમાં સેવા આપવા જતાં, આ યુનિવર્સિટીના નાણાં અને હિસાબી અધિકારી તરીકેનો ચાર્જ ડૉ. અશોક પ્રજાપતિને આપવામાં આવેલ છે. જે બાબતની નોંધ લેવામાં આવી.

અંતમાં સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

તારીખ : ૨૫/૦૭/૨૦૧૬

સ્થળ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦, ગાંધીનગર

કુલસચિવશ્રી (I/C)